Happy Independence Day
# દિવ્યક્રાંતિ
Date : 15-8-2023, to 20-8-2023




Owner-Editor and Publisher : Jaydev K. Budhbhatti +91 97231 62036 • RNI Reg. No. GUJGUJ/2013/56930 • www.divyakranti.com • info@divyakranti.com • facebook.com/divyakrantinews • Price: 3:00 • 97231 62036 • 9601977755


# ડિજિટલ વોરઃ લાગે ભાગે લોહીની ધાર

અનુસંધાન પાના-૩ પર



























નોંધઃ આ ઇ-પેપરમાં કોઇપણ વ્યકકિતના મોબાઇલ નંબર ઉપર કલિક કરવાથી સીધો જ ફોન કરી શકશો.

# મોરબીઃ અકસ્માતની ૧૦૦% ગેરંટી આપતા મોરબીના ખાડા વાળા રોડ રસ્તાઓ







મોરબીના નટરાજ ફાટક પાસે મયુર પુલના ખૂણે રોડ પર ઘણા મોટા ખાડા પડી ગયા છે. આ રોડ સુપર બીઝી રોડ કહેવાય છે. જે મોરબી ૧ ને મોરબી ર થી જોડતો વ્યસ્ત રોડ છે. આ રોડ પર પુલ ચડતા જ ખાડાઓ તમારું સ્વાગત કરવા ઉભા છે. જ્યાં મોટા ગાબડાં પડી ગયા છે ત્યાં છેલ્લા એક અઠવાડિયામાં ૪ લોકોના વાહન પડી ગયા છે અને ઘાયલ પણ થયા છે. જયારે બીજી બાજુ જયારે નટરાજ ફાટક બંધ હોય છે ત્યારે બાયપાસ રોડ પરથી વાહનોની અવર-જવર થતી હોય તે રોડના ખૂણે તંત્રએ લાગાવેલુ બોર્ડ જોખમી રીતે નમી ગયું છે. જેને ૨-૪ પથ્થરોના સહારે ટકાવેલું રાખ્યું છે. એમ કહો કે 'લટકતું' પડ્યું છે. જો ના કરે ને કોઈ બનવા જોગ વૃદ્ધ વ્યક્તિ દ્વિચકી વાહન પરથી પસાર થાય અને આ બોર્ડ પડે તો ગંભીર ઈજા થશે ત્યારે સાવધાની આપણે પ્રજાએ જ રાખવાની છે. તંત્રના ભરોસે તમારી મહામૂલી જિંદગી જોખમમાં મૂકવી પાલવે તેમ નથી. પ્રજાના પ્રતિનિધિઓ લોકોની સેવામાં સુખાકારીમાં અનેક કામ કરશે ત્યારે રોડ રસ્તા જેવી 'જેમના મન સામાન્ય' લગતી વાતને ધ્યાને નહિ લેવાય તો તમારા બધા કામ આ રોડ પર પડેલ ખાડાની જેમ 'ખાડા' માં જ ગયાનો લોકોને અનુભવ થશે આથી તંત્રને પ્રજાની વાત ધ્યાને દોરીએ છીએ. જોઈએ કેટલા જાગૃત છે આપણા જનપ્રતિનિધિઓ !!

## દાંતની રાખો સંભાળઃ દાંતના રોગ ગંભીર બને તે પહેલા કરાવી લો ચેકઅપ




**ડો પુનિતા સરડવા સંઘાણી**
આરવ ડેન્ટલ સ્ટુડિયો, કેપિટલ માર્કેટ, મોરબી
Cell: +91 97372 23555

દિવ્યક્રાંતિ ન્યુઝ, તા.૧૫-૮-૨૩,

મિત્રો, તમને યાદ છે છેલ્લે તમે ક્યારે ડેન્ટીસ્ટ(દાંતના ડોક્ટર) પાસે ગયા હતા? હવે તમે કહેશો કે, એક વર્ષ પહેલા, ચાર-છ મહિના પહેલા, દાંત દુખ્યો હતો ત્યારે કે પછી ક્યારેય નહી. હવે એમ કહો કે,તમારી ગાડીની સર્વિસ છેલ્લે ક્યારે કરાવી હતી? છેલ્લે ઘરની સરખી સાફ સફાઈ ક્યારે કરી હતી? શું તમારી AUDI,BMW, કે બીજી કોઈપણ ગાડી રોડની વચોવચ બંધ પડી જાય પછી જ સર્વિસ કરાવો છો કે પછી સમયે સમયે રેગ્યુલર એની સર્વિસ કરાવી લો છો.? તો પછી તમારા દાંતનું રેગ્યુલર ચેક અપ કેમ નહી...?

ચાલો આજે હું તમને આપણા દાંત વિષે અમુક મહત્વની વાતો જણાવું. આપણા દાંતના મુખ્ય બે ભાગ હોય છે – CROWN and ROOT. CROWN એટલે કે દાંતનો બહારનો ભાગ, જે આપણે જોઈ શકીએ છીએ. ROOTએટલે કે દાંતના મૂળ નો ભાગ, જે પેઢાની અંદર હાડકામાં આવેલો હોય છે અને આપણે એને જોઈ નથી શકતા. દાંતની અંદરની રચના વિષે વાત કરીએ તો, - દાંતની બહાર દેખાતા સફેદ ભાગને ઈનેમલ(દંત વલ્ક) કહેવાય છે. જે ખુબ જ સખત હોય છે. માનવ શરીરનો સૌથી સખત ભાગ છે જે દાંતના અંદરના ભાગોને સુરક્ષિત રાખવાનું કામ કરે છે. ઈનેમલની નીચે ડેન્ટીન હોય છે, જે ઈનેમલની સરખામણી માં નરમ હોય છે. ડેન્ટીનની નીચે પલ્પ હોય છે, જેમાં લોહીની નસો આવેલી હોય છે.આપણા દાંતમાં દુઃખાવો કે કળતર થાય છે એ આ પલ્પના લીધે થાય છે. દાંતના મૂળના ભાગમાં સીમેન્ટ હોય છે, જે દાંતના મૂળને આવરી લે છે અને એને રક્ષણ આપે છે.



શરીરની તંદુરસ્તી માટે દાંત તંદુરસ્ત હોવા જરૂરી છે. આપણું મોઢું એ શરીરનું પ્રવેશ દ્વાર છે. જો મોઢામાં જ રોગોનું ઘર હોય તો શરીર સ્વસ્થ કેવી રીતે રહી શકે? દાંત અને પેઢાના રોગ થાય અને પછી આપણે એની સારવાર કરાવીએ એના કરતા પહેલેથી જ એની સંભાળ લેવી જોઈએ જેથી રોગ શરુ જ ના થાય અથવા શરુઆતમાં જ ઠીક થઈ જાય.અંગ્રેજીમાં એક કહેવત છે- PREVENTION IS BETTER THAN CURE. મતલબ કે સારવાર કરતા સંભાળ ભલી. મિત્રો, વર્ષમાં બે વાર તમારા દાંતનું ચેક અપ કરાવવું જોઈએ જેથી દાંતના કોઈ પણ રોગને શરૂઆતના તબક્કામાં જ અટકાવી શકાય અને લાંબી સારવારથી બચી શકાય.દાંતનો સડો અને પાયોરિયા એવા બે રોગ છે, જેમાં શરૂઆતના તબક્કામાં દુખાવો કે બીજી કોઈ તકલીફ થતી નથી. જયારેદુખાવો થાય ત્યારે રોગ ઘણો આગળ વધી ગયો હોય છે, એટલે લાંબી અને ખર્ચાળ સારવાર કરાવી પડે છે. પણ જો આ જ રોગોનું શરૂઆતના તબક્કામાં નિદાન થઈ જાય તો ઓછા ખર્ચ અને ઓછી સારવારમાં રોગને આગળ વધતો અટકાવી શકાય છે. પેલી આપણી ગુજરાતી કહેવત – 'દુશ્મનનેઊગતો જ ડામી દેવાનો' ની જેમ આ રોગોને પણ ઊગતા જ ડામી દેવામાં શાણપણ છે. તો સમજી ગયાને મિત્રો... વર્ષમાં બે વખત તમારા ડેન્ટીસ્ટની મુલાકાત અચૂક લેજો.ચાલો ત્યારે આવજો, ફરી મળીશું ક્યારેક નવી વાત અને વિચાર સાથે. આવજો.

(ડૉ પુનિતા સરડવા સંઘાણી)

## મોરબીઃ અક્ષય હોસ્પિટલ દ્વારા વિનામૂલ્યે નિદાન કેમ્પ યોજાશે

**તા. ૧૮ અને ૧૯ ઓગષ્ટ, સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮**

દિવ્યક્રાંતિ ન્યુઝ, મોરબી શહેરના રવાપર ધુનડા રોડ પર, મહાબલી હનુમાનજી મંદિર સામે આવેલ વૈદેહી પ્લાઝામાં અક્ષય હોસ્પિટલ દ્વારા તા.૧૮ અને ૧૯ ઓગસ્ટના રોજ ફ્રી નિદાન કેમ્પ રાખવામાં આવ્યો છે. જેમાં તાવ, ટાઢિયો તાવ, મેલેરિયા, ટાઈફોઈડ, કમળો, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, જેવા તાવનું નિદાન, શરદી, ઉધરસ, કફ, દમ, શ્વાસ, ન્યુમોનિયા, ગળામાં દુખાવો વગેરેનું નિદાન,

ઝાડા, ઉલ્ટી, પેટમાં દુઃખાવો, ગેસ, એસીડીટી અન્ય પેટને લગતા રોગોનું નિદાન,

ગુમડા, ખીલ, ધાધર, શિરસ, ખરજવું, કપાસી તેમજ ચામડીના રોગોનું નિદાન,

બી.પી., ડાયાબિટીસ, થાઈરોઈડનું નિદાન,

પેશાબમાં બળતરા, સફેદ પાણી પડવું, પેડુમાં દુખાવો, તેમજ અન્ય સ્ત્રી રોગોનું નિદાન, બાળરોગનું નિદાન,

અકસ્માત દરમિયાન ટાંકા લેવાના, ડ્રેસિંગ, કાનમાં રસી, કાનમાં દુખાવો વગેરેનું નિદાન કરવામાં આવશે તેમ ડો. ભાર્ગવ આર. કલોલા દ્વારા જણાવાયું છે. વધુ માહિતી માટે મો.નં. ૯૯૭૮૭ ૯૭૧૭૭પર સંપર્ક કરવા જણાવાયું છે.

## કંજક્ટિવાઈટિસ (આંખ લાલ થવી) રોગથી બચવા શું કરવું અને શું ના કરવું?




દિવ્યક્રાંતિ ન્યુઝ,

ચોમાસા ની સીઝનમાં આ રોગ સૌથી વધારે જોવા મળે છે.

સામાન્ય રીતે એડીનોવાઈરસ ૫-૭ દિવસમાં રોગપ્રતિકારક શક્તિ પ્રમાણે જાતે જ સારો થઈ જાય છે.

જો ૨-૩ દિવસ માં સારું ના થાય તો આંખના ડોક્ટર ને બતાવી દેવું હિતાવહ છે.

**લક્ષણોઃ**

● આંખ લાલ થાય ● પાણી પળવું ● ખટકવું ● આંખ ચોંટી જવી ● બળતરા થવી ● આંખ ભારે થવી ● તડકામાં અથવા પ્રકાશ માં આંખ ખેંચાય. જો વધારે ઈન્ફેકશન હોય તો આંખ માં દુખાવો અને સુજન પણ જોવા મળે છે.

ઉપરાંત ક્યારેક કંજક્ટિવાઈટીસ જોડે નાક માંથી પાણી નીકળવું ગળા માં બળતરા અને શરીર માં અશક્તિ જેવુ પણ ફીલ થાય છે.

**શું ન કરવું**

● વારે ઘડીએ આંખ ને હાથ લગાડવો નહીં. ● આંખ ને ચોળવી નહીં. ● આંખ ને ઠંડા પાણી થી ધોવાનું ટાળવું, આંખ માં પાણી ની છાલક મારવી નહીં. ● તમારા ઈલેક્ટ્રોનિક ઉપકરણો ક બીજી વસ્તુઓ કોઈ જોડે શેર કરવી નહીં. ● કોન્ટેક્ટ લેન્સ પેરતા હોય તો બંધ કરી દેવા અને ડૉ ની સલાહ વગર પેરવા નહીં. ● આંખ માં મેકઅપ કરવાનું ટાળવું. ● ડોક્ટર ને બતાવ્યા વગર મેડિકલ સ્ટોર માંથી ટીપા લેવાનું ટાળવું, સ્ટેરોઈડ વાળ ટીપા આંખ ના ડૉ ની સલાહ વગર વાપરવા નહીં.

**શું કરવુંઃ**

● આંખ લૂછવા માટે સોફ્ટ કપડાં નો ઉપયોગ કરવો, ટિસ્યૂ પેપર અથવા કોટન નો ઉપયોગ કરવો વધારો સારો. ● આંખ માં સીધો પવન ના લાગે તે માટે પ્રોટેક્ટિવ ચશ્મા પેરવા. ● પોકેટ સેનીટાઈઝર સાથે રાખવું. ● આંખ પર શેક કરવો. ● સવારે આંખ ચોંટી જાય તો હૂંફાળા ગરમ પાણી થી આંખ સાફ કરવી.

**સાભારઃ સુરજ ઝાલા,**
(શિવાય ઓપ્ટોમેટ્રી કલિનિક, મોરબી)

## નખત્રાણાઃ કલાસાધક આર્ટ ગ્રુપ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ

### સ્વ.કાન્તિલાલ ધારશી બુદ્ધભટ્ટીની સ્મૃતિમાં યોજાઈ સ્પર્ધા




દિવ્યક્રાંતિ ન્યુઝ,નખત્રાણા,

સ્વ. કાન્તિલાલ ધારશી બુદ્ધભટ્ટીની સ્મૃતિમાં સમાજના કલાકારોને પ્રોત્સાહિત કરવા માટે ૧૫ વર્ષથી નીચેના બાળકો માટે તેમજ ૧૫ વર્ષ થી ઉપર વયના તમામ કલાકારો માટે અલગ અલગ વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી.

જેમા એ-કેટેગરીના કલાકારોને અનુક્રમે ૫૦૦૦/૩૦૦૦/૨૦૦૦ તેમજ અગિયાર આશ્વાસન ઈનામો રૂપિયા ૨૫૧ તેમજ બી-કેટેગરી માટે અનુક્રમે ૧૫૦૦/૧૦૦૦/૭૫૦ તેમજ અગિયાર આશ્વાસન ઈનામ રૂપિયા ૧૫૧/ અને સર્ટિફિકેટ પ્રોફેસર કમલેશભાઈ બુદ્ધભટ્ટી તેમજ જીતેશભાઈ બુદ્ધભટ્ટી પરિવાર તરફથી આપવામાં આવ્યા હતા. સ્પર્ધામાં એ-કેટેગરી માં અનુક્રમે આર્મી સોની , જય સોની, મીત સાકરિયા વિજેતા રહ્યાં હતા જ્યારે બી કેટેગરીમાં વૈનવી કોટડીયા,



મહેશભાઈ સોની

વિશ્વ બુદ્ધભટ્ટી, આર્ય બુદ્ધભટ્ટી વિજેતા રહ્યાં હતા. જયારે નિર્ણાયક તરીકે જયેશભાઈ ઘડિયાળી અમદાવાદ ( ખ્યાતિ પ્રાપ્ત ગ્રાફિક્સ ડિઝાઈનર), બિપીન ભાઈ સોની ( પ્રખ્યાત ચિત્રકાર, ભુજ), પ્રવિણાબેન મૈચા (અમદાવાદ, ચિત્ર ક્ષેત્રે ગૌરવ પુરસ્કાર મેળવનાર) લોકોએ નિર્ણાયક તરીકે ની સેવા આપી હતી. તેવું ચિત્રસ્પર્ધાનાં આયોજક અને કલા સાધક ગ્રુપના સંયોજક મહેશ ભાઈ સોની (નખત્રાણા) એ જણાવ્યું હતું.

## મોરબીઃ રાષ્ટ્રભક્ત અજય લોરિયા દ્વારા ૨૧૦૦૦ રાષ્ટ્રધ્વજનું વિતરણ કરાયું




દિવ્યક્રાંતિ ન્યુઝ, મોરબીના સેવાકાર્યો માટે જાણીતા રાષ્ટ્ર ભક્ત અજય લોરિયા દ્વારા ૧૫ ઓગસ્ટ નિમિતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હર ઘર તિરંગા અભિયાનને વેગ આપવા માટે તા. ૧૪-૦૮-૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૧૦ કલાકે સુપર માર્કેટ પાસે ૨૧,૦૦૦ હજાર તિરંગાનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું.લોકોએ આ તિરંગો લઈ અને પોતાના ઘર, ઓફિસ અને ફેકટરીઓમાં લગાવવી 'હર ઘર તિરંગા' કાર્યક્રમ હેઠળ ઘરે ઘર આન, બાન શાનથી તિરંગા લહેરાવી રાષ્ટ્રીય પર્વ ઉજવ્યો હતો.

## મોરબી સુપ્રસિદ્ધ પત્રકાર રાધેશ બુદ્ધભટ્ટીની જિલ્લા પોલીસ સલાહકાર સમિતિમાં નિમણૂક

**બહોળી સંખ્યામાં શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા**




મોરબીઃતાઃ૧૪/૮/૨૩. મોરબીમાં છેલ્લા એક દશક થી તટસ્થ પત્રકારિત્વ ક્ષેત્રે પ્રતિષ્ઠા અને લોકચાહના મેળવનાર,'પ્રેસ ઓફ ઈન્ડિયા ન્યૂઝ'ના એડિટર ઈન ચીફઃ રાધેશ કિશનભાઈ બુદ્ધભટ્ટીની મોરબી જિલ્લા પોલીસ સલાહકાર સમિતિમાં નિમણૂક થયેલ છે, પત્રકારિત્વ સાથે તેઓ મોરબી જિલ્લાના ભારતીય જનતા પક્ષ મીડિયા સેલના પ્રમુખ તરીકે પણ સક્રિય છે, મૂળ જોડીયાના વતની એવા રાધેશભાઈ ની વરણીને બિરદાવી રાજકીય-સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ તેમજ વિશાળ સંખ્યામાં મિત્ર વર્તુળ દ્વારા અભિનંદનની વર્ષા થયેલ છે.

## મારુ કંસારા સોની જ્ઞાતિના વીર સપૂત નારાણજી નેણસીનું ચિત્ર બનાવ્યું



દિવ્યક્રાંતિ ન્યુઝ, મારૂ કંસારા સોની જ્ઞાતિના વીર સપૂત નારણજી નેણસી એ આઝાદીની લડત વખતે આઝાદી માટે લડતા દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે ખૂબ સરાનીય કાર્ય કરેલ.

વીર સપૂતની કોઈ તસવીર ઉપલબ્ધ ના હોતા મૂળ નાગવિરી હાલે નખત્રાણા રહેતા યુવા આર્ટિસ્ટ જય મહેશભાઈ સોનીએ વર્ણન ને આધારે તેમનું કલર પોટ્રેટ તૈયાર કરેલ જે દિલ્હીથી બહાર પડનાર આઝાદીઅમૃત મહોત્સવ અંતર્ગત તેમના વિશે શ્રીલહેરીભાઈ ગરવા લિખિત તેમના વિશેના આર્ટીકલમાં લેવમાં આવશે.

અત્રે નોંધનીય છે કે આ અગાઉ મહેશભાઈ સોની નખત્રાણા દ્વારા જ્ઞાતિના સંત ઝવેર ભગતનું પણ કલર કાલ્પનિક ચિત્ર બનાવાયું હતું.

## વાંકાનેર શહેર યુવા ભાજપ મોરચા દ્વારા મેરા દેશ, મેરી મિટ્ટી અભિયાન અંતર્ગત બાઇક સાથે તિરંગા યાત્રા નીકળી




(અજય કાંજીયા) વાંકાનેર શહેર યુવા ભાજપ મોરચા દ્વારા મેરા દેશ, મેરી મિટ્ટી અભિયાન અંતર્ગત બાઈક સાથે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાજપ કાર્યાલય ગરાસિયા બોર્ડિંગ ખાતેથી યાત્રાની શરૂઆત કરી, સિટી સ્ટેશન રોડ, લીમડા ચોક, જીનપરા મેઈન રોડ થઈ હાઈવે જકાતનાકે યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું આ તકે બહોળી સંખ્યામાં યુવા ભાજપ કાર્યકતાઓ ઉપસ્થિત રહ્યા હતા

## કેશોદઃ શ્રી મારૂ કંસારા યુવક મંડળ દ્વારા આયોજિત 'જીવનસાથી પસંદગી' મેળાનો કાર્યક્રમ યોજાયો






દિવ્ય ક્રાન્તિ ન્યુઝ, કેશોદ ખાતે શ્રીમારૂ કંસારા યુવક મંડળ દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવેલું,આ પ્રસંગે ગુજરાતનાં અનેક નગર- શહેરોથી મોટી સંખ્યામાં લગ્ન ઈચ્છુક યુવાનો હાજર રહ્યા હતા, સમાજમાં ઘણા વર્ષોથી યુવતીઓની અછતની સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરી રહેલ હોવાથી આ સમસ્યાને હળવી કરવા યોગ્ય યુવક યુવતીઓને પોતાનાં મનપસંદ જીવનસાથી મળી રહે તેવા સુભાશયથી આ જીવનસાથી પસંદગી મેળો યોજાયેલ હતો, જેનો સારો એવો પ્રતિસાદ મળ્યો હતો, આ કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવો એ પ્રાસંગિક પ્રવચન આપેલ તેમજ સ્થાનિક 'ધારાસભ્ય દેવાભાઈ માલમ' ઉપસ્થિત રહી કેશોદ મંડળને શુભેચ્છા પાઠવેલ હતી, દિવ્ય દ્રષ્ટિ ન્યૂઝ નાં તંત્રી ( કિશનભાઈ બુધ્ધભટ્ટી ), લોક જ્વાલા ન્યૂઝ નાં તંત્રી ( મયુરભાઈ બુધ્ધભટ્ટી ), દિવ્ય ક્રાન્તિ ન્યૂઝ નાં તંત્રી ( જયદેવભાઈ બુધ્ધભટ્ટી ), ધ પ્રેસ ઓફ ઈન્ડિયાનાં તંત્રી અને મોરબી શ્રી મારુ કંસારા જ્ઞાતિનાં 'પ્રમુખ' ( રાધેશભાઈ બુધ્ધભટ્ટી ) તેમજ જૂનાગઢ, રાજકોટ, શિહોર, સુરત, કચ્છ, ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી પ્રમુખ કારોબારી સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, કેશોદ-જૂનાગઢ મારું કંસારા મહિલા મંડળ ટીમ દ્વારા દરેક વ્યવસ્થા ટેબલ સાંભળવામાં આવેલ જેમાં દિવ્યેશભાઈ છત્રાળા, પૂર્ણાબેન હેડાઉ, કવિતાબેન સોલંકી, આનંદીબેન બારમેડા દ્વારા સમગ્ર કાર્યક્રમનું એંકરિંગ કરવામાં આવ્યું હતું, સવારનાં નાસ્તો અને બપોરનાં ભોજન સાથે સુંદર આયોજન કરેલ હતું, કાર્યક્રમને સફળ બનાવવા આયોજકો 'પ્રમુખ' ચેતનભાઈ પરમાર, 'ઉપ પ્રમુખ' ધવલભાઈ કંસારા, 'મંત્રી' પ્રકાશભાઈ બારમેડા, સહમંત્રી જયેશભાઈ બારમેડા, ખજાનચી ચિંતનભાઈ, પરમારએ ભારે જહેમત ઉઠાવી હતી, સફળતાનાં બીજ જરૂર ઉગી નીકળશે તેઓનો આ પ્રયાસ ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે

આ કાર્યક્રમમાં ૮૮ વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટાયેલા ધારાસભ્ય એવા દેવાભાઈ માલમ ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ શ્રી મારૂં કંસારા યુવક મંડળ - જૂનાગઢ દ્વારા આયોજક ટીમને સાલ ઓઢાડીને સન્માન કરાયું હતુ

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ૧૦૭ વર્ષના વડીલ શ્રીમતી જસવંતીબેનનું આયોજક ટિમ દ્વારા સન્માન કરાયું હતું.(અહેવાલ, મયુર બુધ્ધભટ્ટી)

## જૂનાગઢઃ શ્રી મારુ કંસારા યુવા પ્રગતિ મંડળ દ્વારા આયોજિત ભક્તિ સંગીતનો, વિદ્યાર્થી સન્માન, જ્ઞાતિભોજનનો ભવ્ય 'ત્રિવેણી' કાર્યક્રમ યોજાયો







દિવ્યક્રાંતિ ન્યુઝ, તા.૬/૮/૨૩ ના રોજ પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે 'ભક્તિ સંગીત, વિદ્યાર્થી સન્માન અને જ્ઞાતિ સમૂહ ભોજન' એમ એક અદભુત 'ત્રિવિધ કાર્યક્રમ' યોજાયો હતો, જેમાં અનેક શહેરો માંથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલ. પધારેલ સૌ જ્ઞાતિજનોનું ચંદન તિલક, ઉપરણા ઓઢાડી સ્વાગત સન્માન કરવામાં આવેલ.શ્રી ઠાકોરજી તથા શ્રીજીબાવાના ચરણોમાં પૂજન - દીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ.ભક્તિમય માહોલને વધુ સુંદર બનાવવા માટે કેસરી/પીળા વસ્ત્રોથી સુસજ્જ જ્ઞાતિ વૈષ્ણવોની ઉપસ્થિતિ વાળા અલૌકિક વાતાવરણમાં જ્ઞાતિના તજજ્ઞ કલાકારો નિકુંજભાઈ પરમાર, ચેતનભાઈ સોલંકી, શ્રીમતી પ્રતિભાબેન બુદ્ધભટ્ટી, શ્રીમતી શ્રુતિબેન છત્રારા, કિરણબેન પરમાર વગેરે દ્વારા તેમજ જૂનાગઢના વિખ્યાત તબલા વાદક વડિલ વ્રજદાસભાઈ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં "ભક્તિગીતોના ગાયન, વાદન અને નૃત્યના 'ત્રિવેણી સંગમ' સમી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવેલ, જેને માણીને સૌ કોઈ ભાવ વિભોર થયા હતા. સાથે નૃત્ય, દાંડિયા રાસ ગરબા રમી ને સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ખાસ તો રાધાકૃષ્ણ જેવા દૈવી વેશભૂષા ધારણ કરેલ નાના બાલ ગોપાલ ખૂબ જ આકર્ષક લાગતા હતા. ભક્તિ સંગીત કાર્યક્રમમાં સૌએ સાથે મળીને છેલ્લે શ્રી યમુનાજીની આરતી કરી હતી અને 'ચરણન કેરો ભરોસો..' પદ રજૂ કરી ભક્તિ સંગીત સમાપન કરવામાં આવેલ.કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક પરિવારોને પુષ્ટિમાર્ગીય સુંદર ચિત્રજી ભેટ આપવામા આવેલ.આ સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિના દરેક બાળકો અને વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતમ પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ જેમના થકી દીપી ઉઠ્યો એવા કલાકારોને 'સ્મૃતિ ચિન્હ' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વેશભૂષા ધારણ કરનાર બાળકો તથા નૃત્ય કલાકારોને વિશિષ્ટ પુરસ્કાર આપીને અને સન્માનનીય વડીલોને શાલ ઓઢાડીને તથા જ્ઞાતિ સમૂહ ભોજન સમારંભના પ્રયોજક ડૉ. શૈલેશભાઈ બારમેડાને સાફો પહેરાવીને સન્માનિત કરાયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ખ્યાતનામ લેખક અને વક્તા એવા પ્રો. ડૉ. મહેન્દ્રભાઈ છત્રારાએ કર્યું હતું. બહોળી સંખ્યામાં ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોએ સાથે મળીને સમૂહ ભોજન પ્રસાદનો આસ્વાદ માણ્યો હતો.ઉમંગ, ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક સંપન્ન થયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ ડો.શૈલેશ બારમેડા, મંત્રી ભાવેશ મેવચા તથા સંસ્થાના કારોબારી સદસ્યો/ કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે સંસ્થા દ્વારા યોજાયેલ આ અદભુત કાર્યક્રમમાં સૌ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓનો અમૂલ્ય સહકાર મળ્યો હતો.

Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, Volume-15, Issue-149, Year-9 Price Rs. 3.00, M. 097231 62036

# ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી દુનિયાની ત્રીજા નંબરની બની

ભારતે દુનિયાના સૌથી વધુ સમૃદ્ધ દેશ ચીન અને સૌથી વધુ વસ્તી ધરાવતા ચીનને પણ પાછળ રાખી દીધા છે

અનુસંધાન પાના (૩) પર



ચાંદીની ખરીદી તો શુભમ્ જ્વેલર્સમાંથી જ...
સંપર્ક: 98792 53100 90992 53100
શુભમ્ જ્વેલર્સ
SJ SHUBHAM JEWELLERS
ચાંદીના દાગીનાની ખરીદી પર મેળવો મજુરી ખર્ચ પર ખાસ ડિસ્કાઉન્ટ
બંગડીમાં 300 થી પણ વધુ ડિઝાઇન,
પાયલ, સાંકારામાં 1000 થી વધુ ડિઝાઇન
દીકરીને કન્યાદાનમાં તો ચાંદીના વાસણ જ...
ગ્રીન ચોક, મોરબી

દિવ્યક્રાંતિ NEWS
Shree Krishna Janmashtami Special

25,000 print copy | 46,478 Readers | Call Now Book Your Ad. Now
9664869847

Devendra Patel
Mo .+91 99255 23103
GROW UP INVESTMENT
Capital Market, Shop No. 79,
3rd Floor, Ravapar Chokdi,
Cenal Road, Morbi-363641
E : p.dev29.pd@gmail.com
Grow Up INVESTMENT
- તમે કાર, ઘરમાં જરૂરીયાતની વસ્તુઓ, મોબાઇલ વગેરે EMI થી ખરીદો છો?
- ક્યારેક EMI થી થતી બચત વિશે વિચાર્યુ છે?
- SIP તમને EMI થી બચત કરી આપતી સ્કીમ છે.
- તમારા બજેટ અનુસાર અમુક ચોકકસ રકમ દર મહિને બચત કરવા માટેનો પ્લાન એટલે SIP
SIP SYSTEMATIC INVESTMENT PLAN
ગુજરાતીમાં કહેવત છે કે... ટીપે-ટીપે સરોવર ભરાય
બસ આજ કહેવતને રજુ કરતો શબ્દ એટલે SIP

FASHION SALE
BUY 2 GET 2 FREE
SHOP NOW
STUDIO 0612
Multi Brand Men's & Kids Wear Store
Modern Men's & Kid's Clothing
NEW BORN
WWW.STUDIO0612.IN
@STUDIO_0612
RAJKOT
Beside Tanishq Jewellers, Near Imperial Palace, Dr. Yagnik Road, Rajkot-360 001.
+91 77788 85960
MORBI
Near Raymond Showroom, Ram Chowk, Savsar Plot Main Road, Morbi-363 641.
+91 90055 00612

જન્માષ્ટમી સ્પેશ્યલ
Atmiya Tours & Travels
ફેમીલી તથા કપલ ટુર પેકેજીસ 10% Discount Offer
ભારતભરનાં કોઈપણ સ્થળનું પ્રાઈવેટ પેકેજ બુક કરાવો
સ્પે. સ્લીપર સીટીંગ બસ પ્રવાસ
ધમાકા ઓફર!! Last Date :20-08-2023
રોયલ રાજસ્થાન દિવસ ૫/૮
ગોવા મહાબળેશ્વર લોનાવાલા દિવસ ૫/૬/૮
પંચમઢી ઉજ્જૈન ઓમકારેશ્વર દિવસ ૮
સિમલા મનાલી અમૃતસર દિવસ ૧૨
હરિદ્વાર નૈનિતાલ દિલ્હી દિવસ ૧૦/૧૨
કાશ્મીર શ્રીનગર કટરા દિવસ ૧૨
બેંગલોર ઉટી-કુર્ગ-કોડાઈકેનાલ
કેરલા મુનાર-થેકડી-ત્રિવેન્દ્રમ
દુબઈ લાપીતા રીસોર્ટ
પટ્ટાયા ફુકેટ-કરાબી
■ EX રાજકોટ ■ બ્રેક ફાસ્ટ- ડિનર ■ 3/4 સ્ટાર હોટલ ■ સાઈટસીન
એર ટીકીટ | ટ્રેન ટીકીટ | પાસપોર્ટ | હોટલ બુકીંગ
માહિતી પત્રક માટે ( HI_Package) લખી Whatsapp કરો.
રવાપર રોડ, મોરબી. www.atmiyatours.com 9898513013

Happy Independence Day
Service With Smile
unitech Computer World
DESKTOP COMPUTER | LAPTOP
Computer System - Laptop - Printer - Fax - Epabx - Consumable
LED TV | CCTV CAMERA | SPEAKER | Apple all products available with best buy.
લેપટોપની ખરીદી સાથે મેળવો આકર્ષક ગીફ્ટ
www.unitechcomputerworld.com
unitech.morbi@gmail.com
BRANCH-1 : 1st Floor, Maruti Complex, Opp. Ghanshyam Dairy Farm, Near HDFC Bank, Shakti Plot Main Road, Morbi.
BRANCH-2 : 1st Floor, Super Market, Near New Bus Station, Sanala Road, Morbi.
SALE - +91 98980 21906 - Computer - +91 99251 50076 - Service - +91 99799 99536 - Laptop Enquiry : +91 72019 43838

Tally & GST
પેઢીના પ્રેક્ટીકલ એકાઉન્ટ GST નું સંપૂર્ણ જ્ઞાન આપતી એકમાત્ર સંસ્થા
CCC | Profit NX | Miracle
Digital Design | Graphic Design
Free : Bag + Book + Pen +Keychain + Certificate
SPOKEN ENGLISH
NEW BATCH START :20-08-2023
DOEACC માન્ય કેન્દ્ર (ભારત સરકાર)
Atmiya COMPUTER AN ISO 9001:2008 CERTIFIED INSTITUTE
ઓનલાઈન પુછપરછ માટે લોગ ઓન કરો. www.atmiyacomputer.org
Mo:98985 13013
નરસંગ ટેકરી મંદીરની બાજુમાં, રવાપર રોડ, મોરબી.

વિનય કોસ્મેટીક
WELLA PROFESSIONALS | MATRIX | CHERYL'S COSMECEUTICALS | PROFESSIONAL O3+ | SHAHNAZ HUSAIN | IKONIC | GARNIER | L'ORÉAL PROFESSIONNEL | WAHL PROFESSIONAL | Schwarzkopf PROFESSIONAL | Godrej PROFESSIONAL | LOTUS PROFESSIONAL
તમામ પ્રકારની સલુન અને બ્યુટી પ્રોડકટસ સસ્તા ભાવે મળશે.
શિલ્સ પ્રોફેશનલની તમામ નેઈલ આર્ટની તમામ પ્રોડકટ મળશે.
કોલ કરીને ઓર્ડર કરો હવે શોપ ડીલેવરી પણ ઉપલબ્ધ છે
+91 97272 44636
ઓમ શોપીંગ સેન્ટર, શોપ નં.૪,
કાનાભાઈ દાબેલીવાળાની બાજુમાં, રવાપર રોડ, મોરબી.
vinaycosmetic001@gmail.com www.vinaycosmetic.com

ખરીદી આખુ વર્ષ બચત આખુ વર્ષ
ARIHANT SUPER MART
અરિહંત મોલ આપને આપે છે ૩૬૫ દિવસ આકર્ષક છૂટ
ARIHANT SUPER MART
+91 98250 24532
arihantsupermart2312@gmail.com
માધવ કોમ્પ્લેક્ષ, એસાર પેટ્રોલપંપની બાજુમાં, ત્રાજપર ચોકડી, મોરબી-૨.

Balubha D. Jadeja
જયોતિષ આચાર્ય શુભંમકર
Cell : 80000 88500
Jyotish, Vastu, Prashna Kundali, Ramal, Ora Scaner, Vaideek Jyotish
- અદ્યક્ષ, શંકર આશ્રમ, મોરબી
- ટ્રસ્ટીશ્રી, મહેન્દ્રસિંહજી રાજપુત બોર્ડિંગ, મોરબી
- ટ્રસ્ટીશ્રી, હરિહર અન્નક્ષેત્ર
- પુર્વ અદ્યક્ષ, શ્રી રફાળેશ્વર મંદિર, મોરબી
- પુર્વ અદ્યક્ષ, વિશ્વ હિન્દુ પરિષદ, મોરબી
- પુર્વ અદ્યક્ષ, રાજપુત યુવક મંડળ, મોરબી
"RAJARSHI" 10-savsar Plot, Morbi - 363641. (Gujarat-India)

દિવ્યક્રાંતિ NEWS
મોબાઈલ પર ન્યુઝ અપડેટ અને ઈ-પેપર મેળવવા માટે આપનું નામ અને શહેરનું નામ લખી નંબર 9664869847 પર વોટસએપ કરો. અથવા
વોટસએપ ગ્રુપમાં જોડાવવા માટે આ કોડ સ્કેન કરો
આ કોડ સ્કેન કરવા માટે વોટસએપના કેમેરાનો ઉપયોગ કરજો.
ઉપરના કોડમાં ગ્રુપ ફુલ બતાવે તો જમણી બાજુ આપેલ કોડ સ્કેન કરીને 'JOIN GROUP' લખીને મોકલો.

90333 49282 | 96875 14056
THE NEXA BEAUTYSALON
ONLY FOR LADY
50% OFF
S.P. Road, Opp. Flora-17, Royal Plaza, First Floor, Morbi


NEXT EDITION > 30-8-2023

Contact for Ad. - 96648 69847, 97231 62036


TIMES OF CERAMIC
COMING UP NEXT... INTERNATIONAL DIRECTORY
WWW.TIMESOFCERAMIC.COM , WWW.CERAMICTODAY.IN
CERAMIC TODAY


MAYUR K. BUDHBHATTI - OWNER & EDITOR : TIMES OF CERAMIC, CERAMIC TODAY, LOK JWALA NEWS CELL: +91 96019 77755